**<u>કલોલના મહે. એડી.જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ. કલોલ, જી. ગાંધીનગર.</u>**

**<u>પરચુરણ મુદ્દામાલ અરજી નં.- 278/2026</u>**

(કલોલ શહેર પો. સ્ટે. ગુના રજિસ્ટર નં. 11216024260289/ 2026 ના કામે)

<u>:: આંક 1 લગત હુકમ ::</u>

1. આ કામના અરજદાર કિશનકુમાર અરવિંદભાઈ સોલંકીનાએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ - 497 મુજબ અરજી આપી જણાવેલ છે કે, હાલના ગુનાના કામે તેઓના માલિકી કબજા ભોગવટાનું વાહન - બજાજ ઓટો લિમિટેડ મોડેલનું બજાજ RE CNG 4SFI, જેનો આર.ટી.ઓ. રજી. નં. જી.જે. - 02 - એ. યુ. - 8508, જેનો એન્જિન નં. AZXWSD21367, જેનો ચેસિસ નં. MD2B47BX2SWD73425, જે બી.એન.એસ. એક્ટ ની કલમ - 125, 126, 270, 292, 293 તથા પર્યાવરણ સુરક્ષા અધિનિયમની કલમ 15 તથા નોઇસ પોલ્યુંશન રૂલ ની કલમ 5 તથા જી. પી. એક્ટ અધિનિયમની કલમ - 131 મુજબના ગુનાના કામે ત.ક. અમલદારે કબજે કરેલ છે. જે હાલમાં પોલીસ સ્ટેશને મુદ્દામાલ તરીકે પડી રહેલ છે. સદરહુ મુદ્દામાલ વાહન વધારે સમય પોલીસ સ્ટેશનમાં પડી રહે તો યાંત્રિક ખામી ઊભી થાય અને બેટરી તથા અન્ય સ્પેરપાર્ટ ખરાબ થવાની પૂરી સંભાવના છે. વધુમાં જણાવેલ છે કે હાલના સમયમાં મુદ્દામાલ વાહન જરૂરી સાધન હોય અને અરજદારને રોજિંદા કાર્યમાં ખૂબ જ તકલીફ પડતી હોય યોગ્ય શરતોને આધીન પરત આપવા અરજ કરેલ છે.

2. અરજદારના વિદ્વાન વકીલ શ્રીને સાંભળ્યા. અરજદારે તેઓની અરજીના સમર્થનમાં એફ.આઈ.આર., આર. સી. બુક, આધારકાર્ડ નકલ રજૂ કરેલ છે. સદર ગુનાના કામે પોલીસ અભિપ્રાય પંચનામુ અને મુદ્દામાલ પાવતી સાથે રજૂ કરેલ છે. સદર તમામ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા.

3. પોલીસ અભિપ્રાય સાથે રજુ પંચનામુ અને મુદ્દામાલ પાવતી ધ્યાને લેતા મુદ્દામાલ વાહન અરજદાર પાસેથી કબ્જે કરેલ હોવાનું જણાઇ આવે છે. ત. ક. અમલદારે અરજદાર/ આરોપી ફરીથી મુદ્દામાલ વાહન આવી કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિમા ઉપયોગ કરે તેવી શંકા દર્શાવેલ છે. પરંતુ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ- 497 ની જોગવાઈ તેમજ નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા <u>2002(8) સુપ્રીમ ટુડે પાના નંબર 525 સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિરુદ્ધ સ્ટેટ</u>

ઓફ ગુજરાતના પ્રસિદ્ધ થયેલ ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંતને ધ્યાને લેતા મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં પડતર રાખવો ન્યાયિત જણાતું નથી.

4. કેસનું રેકોર્ડ વંચાણે લેતા, તેમજ વિદ્વાન વકીલ શ્રીની રજૂઆતો ધ્યાને લેતા, અરજદાર સદર મુદ્દામાંલ વાહન મેળવવા હકદાર જણાઈ આવે છે. વધુમાં તેઓ સિવાય અન્ય કોઈ દાવેદાર આ અદાલતમાં રજૂ થયેલ નથી. મુદ્દામાલ વાહન લાંબો સમય પોલીસ સ્ટેશનમાં પડી રહે તો મુદ્દામાલને નુકસાન થાય તેવી સંભાવના છે. હાલના તબક્કે કે ટ્રાયલ સમયે મુદ્દામાલની જરૂરિયાત હોય તેવું જણાતું નથી. વચગાળાના ધોરણે યોગ્ય શરતો અને યોગ્ય રકમના જામીન ઉપર અરજદારને મુદ્દામાલ વાહન રિક્ષા નંગ - 1 પરત આપવામાં આવે તો તે યોગ્ય અને વ્યાજબી જણાય છે. જેથી હાલની અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરવો ન્યાયોચિત સમજુ છું.

**હુકમ**

(i) અરજદારની અરજી મંજૂર કરવામાં આવે છે.

(ii) કલોલ શહેર પો. સ્ટે. ગુના રજિસ્ટર નં. 11216024260289/ 2026 ના કામે બી.એન.એસ. એક્ટ ની કલમ - 125, 126, 270, 292, 293 તથા પર્યાવરણ સુરક્ષા અધિનિયમની કલમ 15 તથા નોઇસ પોલ્યુંશન રૂલ ની કલમ 5 તથા જી. પી. એક્ટ અધિનિયમની કલમ - 131 મુજબના ગુનાના કામે જપ્ત કરવામાં આવેલ મુદ્દામાલ વાહન - બજાજ ઓટો લિમિટેડ મોડેલનું બજાજ RE CNG 4SFI, જેનો આર.ટી.ઓ. રજી. નં. જી.જે. - 02 - એ. યુ. - 8508, જેનો એન્જિન નં. AZXWSD21367, જેનો ચેસિસ નં. MD2B47BX2SWD73425 છે, જે અરજદાર કિશનકુમાર અરવિંદભાઈ સોલંકીનાઓને મુદ્દામાલની કિંમતની દોઢી રકમના જાત જામીન તથા તેટલી જ રકમના બોન્ડ રજૂ કરીએથી નીચેની શરતોને આધીન રહી બી.એન.એસ.એસ. ની કલમ - 497 મુજબ વચગાળાની કસ્ટડી સ્વરૂપે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો:-**

1) અરજદારે મુદ્દામાલ વાહનનો કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિમાં ઉપયોગ કરવો નહિ.

2) અરજદારે સદરહુ મુદ્દામાલ કોઈને વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર કરવું કે કરાવવું નહીં.

3) સદરહું કામે અદાલત જ્યાં અને જ્યારે ફરમાવે ત્યારે અરજદારે મુદ્દામાલ રજૂ કરવાનો રહેશે.

4) ઉપરોકત શરતો પૈકી કોઈ એક પણ શરતનું પાલન કરવામાં ચૂક થશે તો આ હુકમ આપોઆપ રદ થયેલો ગણાશે.

5) આ હુકમની યાદી કલોલ પોલીસ સ્ટેશનને મોકલી આપવી.

6) અરજદારે જામીનગીરી પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

હુકમ આજ તા. 05મી, માહે. જુન, સને- 2026 ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા:05/06/2026
સ્થળ: કલોલ

(પ્રિયંકા જૈમિન સુરતી)
એડી. જે. એમ. એફ. સી.
કલોલ.
કોડ નં. GJ01570.

//પી.જે.સુરતી//સેલ્ફ//